તમે ન બોલો,
તમારા કાર્યને
બોલવા દો
- વિવેકાનંદ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૪૯ | ૨૯ એપ્રિલ ૨૦૧૨, રવિવાર, વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ટ્રેડ સેન્ટરની જમીન પરત મેળવવા હિલચાલ

## ગિફ્ટ સીટીના વડા સુધીર માંકડે સરકારને પત્ર લખી રજુઆત કરતાં તંત્રમાં વ્યાપેલો સન્નાટો !!

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના હાર્દસમા સે. ૧૧માં ઉદ્યોગભવન નજીક ટ્રેડ સેન્ટર માટે ફાળવવામાં આવેલ જમીન પર અત્યાર સુધી કોઈપણ પ્રકારનું બાંધકામ ન થયું હોય તે જમીન સરકારે પરત મેળવી લઈ અને તેનો હેતુ અન્ય ઉપીયોગ માટે કરવો જોઈએ તેવી ઉગ્ર રજુઆત ગિફ્ટ સીટીના ચેરમેન શ્રી સુધીર માંકડે રાજ્ય સરકારને પત્ર લખીને કરી છે.

રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને હાલ રાજ્ય સરકારના ગિફ્ટસીટીના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટની સંપૂર્ણ જવાબદારી સંભાળતા શ્રી સુધીર માંકડે તેમના આ પત્રમાં કોર્પોરેટ હાઉસો હવે તેમની ઓફિસો સીટીના નિર્માણ પામી રહેલ બે ટાવરોમાં શરૂ કરે તેવી ભલામણ પણ કરી છે.

રાજ્યના પાટનગરમાં રાજ્યના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમોની કોર્પોરેટ ઓફિસો હોય

**કોર્પોરેટ હાઉસો હવે તેમની ઓફિસો ગિફ્ટ સીટીમાં કાર્યાન્વીત કરે : ડિસેમ્બર સુધીમાં બે ટાવર કાર્યરત થઈ જશે**

તેવી ભાવના સાથે સરકારે ગાંધીનગરમાં ટ્રેડ સેન્ટર બનાવવાનો નિર્ણય કર્યો હતો. આ માટે ઉદ્યોગભવન નજીક દસ હજાર ચો.મી. જેટલી જગ્યા પણ ફાળવી દેવામાં આવી છે પરંતુ આ ટ્રેડ સેન્ટરના બાંધકામમાં એકપણ ડગલુ આગળ ભરવામાં આવ્યું નથી.

બીજી તરફ રાજ્ય સરકારના અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ફાયનાન્સીયલ અને ટેક સીટી ગાંધીનગર નજીક આકાર પામી રહ્યું છે. સરકારે આ ગીફ્ટ સીટી પ્રોજેક્ટ માટે ૬૦૦ એકરથી પણ વધુ જમીનની ફાળવણી કરી છે. આ ગિફ્ટ સીટીના બે ટાવરો હાલ નિર્માણ હેઠળ છે. અને ડિસેમ્બર સુધીમાં તે બન્નેના નિર્માણનું કાર્ય સંપન્ન થશે.

આ સંજોગોમાં ગિફ્ટસીટીના વડાએ આવો પત્ર લખી અને રજુઆત કરતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. ટ્રેડ સેન્ટરની કલ્પના સરકારે કરી ત્યારે ગિફ્ટસીટીનો પ્રોજેક્ટ હાથ ધરાયો ન હતો હવે ગિફ્ટસીટી અસ્તિત્વમાં આવી રહી

● અનુસંધાન પાના-૭ પર

# ગાંધીનગરમાં ગરમીનો માહોલ જામ્યો

## લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રીએ પહોંચતા રાત્રે ગરમી વધી

ગાંધીનગર, તા. ૨૮

વાતાવરણમાં આવી રહેલા વારંવારના પલ્ટા બાદ આજે ગરમીમાં થોડોક વધારો થયો છે. મહત્તમ તાપમાન ૩૯.૨ ડિગ્રીએ પહોંચ્યું છે.

ઉનાળાની ગરમીનો અહેસાસ છેલ્લા બે દિવસથી થઈ રહ્યો છે. ગયા અઠવાડિયે વાતાવરણમાં આવેલા પલ્ટા બાદ મહત્તમ તાપમાન ખુબ નીચું ગયું હતું. તાપમાન નીચું જતા ગરમી ઘટી હતી તે પછી વાદળો હટતા ગરમી ધીમે ધીમે વધી રહી છે. છેલ્લા બે દિવસ પુનઃ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રીએ પહોંચતાં રાત્રે પણ ખુબ ગરમી લાગે છે.







